


# પ્રેઝન્ટેશનમાં અન્ય સુધારા

## પરિચય


આપણે અગાઉના પ્રકરણમાં લિબ્રેઑફિસ ઇમ્પ્રેસનો ઉપયોગ કરીને ડિજિટલ પ્રેઝન્ટેશન બનાવતાં શીખ્યા. વિવિધ વિષયો પર આપણે સ્લાઇડ શો બનાવ્યા, જેમાં અનેક સ્લાઇડ અને વિવિધ મલ્ટીમીડિયા ઘટકો ઉમેર્યા. વિવિધ પ્રકારના ડેટાને અસરકારક રીતે રજૂ કરવા માટે વિવિધ માસ્ટર પેજ અને લેઆઉટનો ઉપયોગ કેવી રીતે કરવો, તે પણ આપણે હવે જાણીએ છીએ.

આ પ્રકરણમાં આપણે ઇમ્પ્રેસની કેટલીક વધુ અદ્યતન સુવિધાઓનો ઉપયોગ કરીને પ્રેઝન્ટેશનને ઉચ્ચ સ્તરે કેવી રીતે લઈ જવાં તે શીખીશું. આ માટે આપણે નીચેની બાબતોનો અભ્યાસ કરીશું :

- સ્લાઇડમાં ટ્રાન્ઝિશન (transition) અને તેના ઘટકોમાં એનિમેશન(animation) અસરો ઉમેરવી.
- બધી સ્લાઇડમાં તારીખ અથવા સમય જેવી સુસંગત વિગતો દાખલ કરવી.
- પ્રેઝન્ટેશન માટે નવાં સ્લાઇડ માસ્ટર્સ અને ટેમ્પ્લેટ્સ બનાવવાં.
- સ્લાઇડમાં ડ્રૉઇંગ અને આકૃતિમય સાધનોનો ઉપયોગ કરવો.
- સ્લાઇડનાં પાનાની ગોઠવણ (page settings) બદલવી.
- કસ્ટમ સ્લાઇડ શો (custom slideshows) તૈયાર કરવા.
- પ્રેઝન્ટેશનની દરેક સ્લાઇડ માટે ચોક્કસ સમય સેટ કરવો.
- પ્રેઝન્ટેશનમાં લિંક ઉમેરવી અને એક્સપોર્ટ કરવું.

## ટ્રાન્ઝિશન (Transition)

ટ્રાન્ઝિશન એ પ્રેઝન્ટેશન દરમિયાન એક સ્લાઇડમાંથી બીજી સ્લાઇડ પર જતી વખતે ઉમેરી શકાય તે પ્રકારની દૃશ્ય અસરો છે. તે સ્લાઇડ શોમાં એક ગતિશીલ તત્ત્વ ઉમેરે છે, જે સ્લાઇડ વચ્ચેના ફેરફારને સાદી રીતે રજૂ કરવાને બદલે વધુ આકર્ષક બનાવે છે.




આકૃતિ 10.1 : પ્રેઝન્ટેશન ખોલવું

પસંદ કરેલી દરેક સ્લાઇડ પર અલગ-અલગ ટ્રાન્ઝિશન લાગુ કરી શકાય છે. વૈકલ્પિક રીતે, પ્રેઝન્ટેશનની બધી સ્લાઇડ પર એક સામાન્ય ટ્રાન્ઝિશન પણ લાગુ કરી શકીએ છીએ. પસંદગી માટે વિવિધ પ્રકારનાં ટ્રાન્ઝિશન ઉપલબ્ધ છે, જેમ કે *વાઇપ (Wipe), ચેકર્સ (Checkers), બાર (Bar), ફેડ (Fade)* વગેરે. આપણે *નો ટ્રાન્ઝિશન (No transition)* પણ પસંદ કરી શકીએ છીએ, જેનો અર્થ છે કે આગલી સ્લાઇડ કોઈ ખાસ અસર વિના વર્તમાન સ્લાઇડનું સ્થાન લેશે. ઇમ્પ્રેસ




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પસંદ કરેલ ટ્રાન્ઝિશન અસરનું તુરંત પૂર્વાવલોકન (preview) કરવાની મંજૂરી આપે છે, જે આપણને નિર્ણય લેવામાં મદદ કરે છે કે કઈ અસર શ્રેષ્ઠ કાર્ય કરે છે.

ચાલો, હવે અગાઉ બનાવેલા પ્રેઝન્ટેશનમાં ટ્રાન્ઝિશન અસરો ઉમેરીએ. નીચે આપેલાં પગલાં અનુસરો :

- *File* મેનૂ પર જાઓ અને *Open* પસંદ કરો, અથવા *Ctrl + O* કી દબાવો. આકૃતિ 10.1માં બતાવ્યા પ્રમાણે *Open* ડાયલોગ બૉક્સ રજૂ કરવામાં આવશે. પ્રેઝન્ટેશન ફાઈલ શોધીને પસંદ કરો અને *Open* બટન પર ક્લિક કરો. પ્રેઝન્ટેશનની બધી સ્લાઈડ સ્લાઈડ પેન (slide pane)માં દેખાશે, જેના પર આપણે કાર્ય કરવા માટે તૈયાર છીએ.
- ટ્રાન્ઝિશનની અસર લાગુ કરવા માટે આપણે જે ચોક્કસ સ્લાઈડમાં ફેરફાર કરવા માંગીએ છીએ તેને સ્લાઈડ પેનમાંથી પસંદ કરો.
- ટાસ્ક્સ પેનમાં Slide Transition વિભાગ પર ક્લિક કરો. આકૃતિ 10.2માં દર્શાવ્યા મુજબ સ્લાઈડ ટ્રાન્ઝિશનના સંબંધિત વિકલ્પો પ્રદર્શિત થશે. *Apply to selected slides* પસંદગી સૂચિમાંથી, અપેક્ષિત ટ્રાન્ઝિશન અસર પસંદ કરો. જો *Automatic preview* ચેકબૉક્સ પસંદ કરેલ હશે, તો ટ્રાન્ઝિશનનું ત્વરિત પૂર્વાવલોકન જોઈ શકીશું.





**આકૃતિ 10.2 : સ્લાઈડ ટ્રાન્ઝિશન**

- *Speed* ડ્રૉપડાઉન મેનૂમાંથી ટ્રાન્ઝિશન માટે ધીમી *(Slow)*, મધ્યમ *(Medium)*, અથવા ઝડપી *(Fast)* પૈકી ઈચ્છિત ગતિ પસંદ કરો. વૈકલ્પિક રીતે *Sound* ડ્રૉપડાઉન મેનૂમાંથી ધ્વનિ પણ પસંદ કરી શકાય છે.
- પ્રેઝન્ટેશનની દરેક સ્લાઈડ પર ટ્રાન્ઝિશન લાગુ કરવા માટે *Apply to All Slides* બટન પર ક્લિક કરો. ટ્રાન્ઝિશનને જોવા માટે *Play* બટન પર ક્લિક કરો. અને પસંદ કરેલા ટ્રાન્ઝિશન સાથે સ્લાઈડ શો શરૂ કરવા માટે, *Slide Show* બટન પર ક્લિક કરો.

## કસ્ટમ ઍનિમેશન (Custom Animation)

અગાઉ શીખ્યાં તે મુજબ ઍનિમેશન ઘટકોને ગતિ દ્વારા જીવંત બનાવે છે. સ્લાઈડ પરના લગભગ કોઈપણ ઑબ્જેક્ટ પર ઍનિમેશન અસરો લાગુ કરી શકીએ છીએ, જે પ્રેઝન્ટેશનને દર્શકો માટે વધુ આકર્ષક બનાવે છે. ચાલો આપણી સ્લાઈડ પરના ઑબ્જેક્ટ્સમાં કેટલીક ઍનિમેશન અસરો ઉમેરીએ. નીચે આપેલા પગલાં અનુસરો :

- શાળા માટે બનાવેલ પ્રેઝન્ટેશન ખોલો.
- સ્લાઈડ અને તેમાં જે ઑબ્જેક્ટને આપણે ઍનિમેટ કરવા માંગીએ છીએ તેને પસંદ કરો.
- ટાસ્ક્સ પેનમાં *Custom Animation* વિભાગ પર ક્લિક કરો. ઑબ્જેક્ટમાં ઍનિમેશન ઉમેરવા માટેના વિકલ્પો પ્રદર્શિત કરવામાં આવશે.





**આકૃતિ 10.3 : કસ્ટમ ઍનિમેશન ડાયલોગ બૉક્સ**




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- *Add* બટન પર ક્લિક કરો. તે આકૃતિ 10.3માં બતાવ્યા મુજબ *કસ્ટમ એનિમેશન* ડાયલોગ બૉક્સ રજૂ કરવામાં આવશે.
- ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, *Custom Animation* ડાયલોગ બૉક્સમાં નીચેના વિભાગો હોય છે :
  - o *Entrance :* ઑબ્જેક્ટ સ્લાઇડ પર કેવી રીતે પ્રવેશ કરશે તે દર્શાવતી અસરો.
  - o *Emphasis :* ઑબ્જેક્ટ સ્લાઇડ પર પહેલેથી જ હોય અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરતી અસરો.
  - o *Exit :* ઑબ્જેક્ટ સ્લાઇડમાંથી કેવી રીતે બહાર જાય છે તે દર્શાવતી અસરો.
  - o *Motion Paths :* ઑબ્જેક્ટને જે માર્ગ પર ખસેડવાનો છે તે વ્યાખ્યાયિત કરતી અસરો.
  - o *Misc Effects :* અન્ય વિવિધ અસરો માટેની શ્રેણી.
- આપણી પસંદગીની એક એનિમેશન અસર પસંદ કરો. સ્લાઇડ પરના અન્ય ઑબ્જેક્ટ્સમાં એનિમેશન ઉમેરવા માટે આ પ્રક્રિયાનું પુનરાવર્તન કરી શકાય છે. એક સ્લાઇડ પરના અનેક ઑબ્જેક્ટ્સ પર એનિમેશન લાગુ કર્યા પછી, સ્લાઇડ પેનમાંનો *Custom Animation* વિભાગ આકૃતિ 10.4માં બતાવ્યા પ્રમાણે દેખાશે.




**આકૃતિ 10.4 : સ્લાઇડના ઑબ્જેક્ટને આપવામાં આવેલ કસ્ટમ એનિમેશન અસર**

ચાલો આપણે ટાસ્ક પેનના *Custom Animation* વિભાગમાંના દરેક નિયંત્રણ વિશે સમજૂતી મેળવીએ :

- **Add :** આ બટન *Custom Animation* ડાયલોગ બૉક્સ ખોલે છે, જે સ્લાઇડ પરના ઑબ્જેક્ટ્સ માટે એનિમેશન અસરો પસંદ કરવાની મંજૂરી આપે છે.
- **Change :** આ બટનનો ઉપયોગ પહેલેથી લાગુ કરેલ એનિમેશનને બદલવા માટે કરી શકાય છે.
- **Remove :** આ બટનનો ઉપયોગ કરીને એનિમેશનને દૂર કરી શકાય છે.
- **Start :** આ મેનૂમાં *On Click, With Previous,* અને *After Previous* જેવા વિકલ્પો ઉપલબ્ધ છે. ઑબ્જેક્ટ કેવી રીતે એનિમેટ થાય તે આ ત્રણ વિકલ્પો દ્વારા પસંદ કરી શકીએ છીએ : માઉસ ક્લિક કરીને, અગાઉના એનિમેશનની સાથોસાથ, અથવા અગાઉનું એનિમેશન પૂર્ણ થયા પછી તરત.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


- **Speed :** ઑબ્જેક્ટને આપેલ એનિમેશનની ઝડપ માટે *Very Slow, Slow, Medium, Fast* અને *Very Fast* જેવા વિકલ્પોમાંથી પસંદ કરી શકીએ છીએ.
- **Change order :** આપણે ઉપર અને નીચેના તીર બટનો પર ક્લિક કરીને જે ક્રમમાં એનિમેશન દેખાય છે તે બદલી શકીએ છીએ.

### બધી સ્લાઇડમાં વિગતો ઉમેરવી

આપણે ક્યારેક પ્રેઝન્ટેશનની દરેક સ્લાઇડ પર તારીખ, સ્લાઇડ નંબર, અથવા શાળાનું નામ જેવી કોઈ સુસંગત માહિતી પ્રદર્શિત કરવા માંગતા હોઈશું. લિબ્રેઑફિસ ઇમ્પ્રેસ પ્રેઝન્ટેશનમાં બધી સ્લાઇડમાં કન્ટેન્ટ ઉમેરવાની સૌથી અસરકારક રીત માસ્ટર સ્લાઇડ (Master Slides)નો ઉપયોગ કરવાની છે. માસ્ટર સ્લાઇડ (જેને સ્લાઇડ માસ્ટર (Slide Master) પણ કહેવાય છે) પ્રેઝન્ટેશન માટે ટેમ્પ્લેટ તરીકે કાર્ય કરે છે. કોઈપણ માહિતી, ફોર્મેટિંગ અથવા ડિઝાઇન ઘટકો જે આપણે માસ્ટર સ્લાઇડ પર મૂકીશું તે આપમેળે જે તે ચોક્કસ માસ્ટર સ્લાઇડનો ઉપયોગ કરતી તમામ સ્લાઇડ પર દેખાશે.

બધી સ્લાઇડમાં કન્ટેન્ટ દાખલ કરવા માટેના પગલાં અનુસરો :

- મેનૂ બારમાં *View* મેનુ પર ક્લિક કરો અને *Master → Slide Master* વિકલ્પ પસંદ કરો. આમ કરવાથી આકૃતિ 10.5માં દર્શાવ્યા પ્રમાણે *Master View* રજૂ કરવામાં આવશે, જ્યાં આપણે ડાબી બાજુના વિભાગમાં આપણી વર્તમાન માસ્ટર સ્લાઇડ જોઈ શકીશું. મુખ્ય કાર્યક્ષેત્ર પસંદ કરેલ માસ્ટર સ્લાઇડ પ્રદર્શિત કરશે.





**આકૃતિ 10.5 : માસ્ટર સ્લાઇડનો ઉપયોગ કરીને તમામ સ્લાઇડ પર માહિતી ઉમેરવી**

- મુખ્ય કાર્યક્ષેત્રમાં, ટેક્સ્ટ બૉક્સ ટૂલનો ઉપયોગ કરીને એક ટેક્સ્ટ બૉક્સ દોરો અને શાળાનો ફોન નંબર ટાઇપ કરો. ડ્રૉઇંગ ટૂલબારમાંથી રેખાઓ, આકારો અથવા અન્ય ગ્રાફિક ઘટકો પણ ઉમેરી શકાય છે.
- *View* મેનૂમાં જાઓ અને *Header and Footer* પસંદ કરો. આકૃતિ 10.6માં દર્શાવ્યા પ્રમાણે એક ડાયલોગ બૉક્સ ખૂલશે. *Date and Time* અને *Slide number* માટેના ચેકબૉક્સ પસંદ કરો. *Apply to All* બટન પર ક્લિક કરો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




**આકૃતિ 10.6 : હેડર અને ફૂટરનો ઉપયોગ કરીને તારીખ અને સ્લાઈડ નંબર ઉમેરવા**

- *View* મેનૂમાં *Normal view* પસંદ કરો. માસ્ટર સ્લાઈડમાં આપણે જે પણ ફેરફારો કર્યા છે તે પ્રેઝન્ટેશનની દરેક સ્લાઈડ પર આપોઆપ લાગુ પડશે.


## નવી સ્લાઈડ માસ્ટર બનાવવી

લિબ્રેઑફિસ ઈમ્પ્રેસમાં નવી સ્લાઈડ માસ્ટર બનાવવાથી આપણે એક અનન્ય લેઆઉટ અને સ્ટાઈલ ડિઝાઈન કરી શકીએ છીએ, જેને પછી પ્રેઝન્ટેશનમાં ચોક્કસ સ્લાઈડ પર લાગુ કરી શકાય છે. એક જ પ્રેઝન્ટેશનમાં વિવિધ થીમ્સ અથવા વિભાગો જાળવવા માટે આ અત્યંત ઉપયોગી છે.

પ્રેઝન્ટેશન માટે નવા સ્લાઈડ માસ્ટર બનાવવાનાં નીચેનાં પગલાં અનુસરો :

- *View* → *Master Slide* પસંદ કરો. આનાથી માસ્ટર વ્યૂ (Master View) ખૂલશે, જ્યાં આપણે સ્લાઈડ પેન પર હાલની માસ્ટર સ્લાઈડના થમ્બનેલ્સ જોઈશું.
- સ્લાઈડ પેનમાં કોઈપણ ખાલી જગ્યા પર રાઈટ ક્લિક કરો અને કન્ટેક્સ્ટ મેનૂમાંથી *New Master* પસંદ કરો.
- નવી માસ્ટર સ્લાઈડના થમ્બનેલ પર રાઈટ ક્લિક કરો અને *Rename Master* વિકલ્પ પસંદ કરો. તેથી આકૃતિ 10.7માં દર્શાવ્યા મુજબ *Rename slide* ડાયલૉગ બોક્સ ખુલશે.

  નવા માસ્ટર પેજ માટે નામ તરીકે 'My Master Page' દાખલ કરી *OK* પર ક્લિક કરો.





**આકૃતિ 10.7 : નવું માસ્ટર પેજ ઉમેરવું અને નામ બદલવું**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- એકવાર નવી માસ્ટર સ્લાઇડ (Master Slide) પસંદ થઈ જાય, પછી આપણે તેને કસ્ટમાઇઝ કરવાનું શરૂ કરી શકીએ છીએ. આ માટે લેઆઉટની જરૂરિયાતોને અનુરૂપ પ્લેસહોલ્ડર્સને ઉમેરવા અથવા સુધારવા માટે સ્વતંત્રતા છે. માસ્ટર સ્લાઇડના ખાલી વિસ્તાર પર રાઇટ ક્લિક કરીને *Slide* → *Page Setup...* પસંદ કરીને, *બેકગ્રાઉન્ડ (Background)* ટૅબ પર જઈને બેકગ્રાઉન્ડને પણ વ્યક્તિગત રીતે બદલી શકીએ છીએ. અહીં, આપણે ઇચ્છિત બેકગ્રાઉન્ડ સેટ કરવા માટે colour, gradient, image, pattern અથવા hatching જેવા વિવિધ વિકલ્પોમાંથી પસંદગી કરી શકીએ છીએ. આકૃતિ 10.8 *Page Setup* ડાયલોગ બૉક્સના *Background* ટૅબમાં ઉપલબ્ધ વિકલ્પો દર્શાવે છે.




**આકૃતિ 10.8 : નવા સ્લાઇડ માસ્ટરમાં બેકગ્રાઉન્ડ બદલવું**


- માસ્ટર વ્યૂ ટૂલબાર પરના *Close Master View* બટન પર ક્લિક કરો અથવા *View* → *Normal* પસંદ કરો.
- *નૉર્મલ વ્યૂ*માં ટાસ્ક પેનમાંના માસ્ટર સ્લાઇડ વિભાગમાંથી નવી બનાવેલી *માસ્ટર સ્લાઇડ*ને પસંદ કરીને તેને હાલની સ્લાઇડ પર સરળતાથી લાગુ કરી શકાય છે.

## ડ્રૉઇંગ અને ડાયાગ્રામેટિક ટૂલ્સ (Drawing and Diagrammatic Tools)

સ્લાઇડને ગ્રાફિકલી સુધારવા માટે ઇમ્પ્રેસ ડ્રૉઇંગ ટૂલ્સનો એક વૈવિધ્યસભર સમૂહ પૂરો પાડે છે. આ ટૂલ્સ *ડ્રૉઇંગ ટૂલબાર*માં જોવા મળે છે, જે સામાન્ય રીતે ઇમ્પ્રેસ ઇન્ટરફેસના નીચેના ભાગમાં આપવામાં આવે છે. તેનાથી પ્રેઝન્ટેશનમાં વિવિધ ડ્રૉઇંગ ઑબ્જેક્ટ્સ સરળતાથી દાખલ કરી શકાય છે. જો ડ્રૉઇંગ ટૂલબાર દૃશ્યમાન ન હોય, તો *View* → *Toolbars* વિકલ્પ પસંદ કરીને, *Drawing* વિકલ્પ દ્વારા તેને દૃશ્યમાન બનાવી શકાય છે. આકૃતિ 10.9 *ડ્રૉઇંગ ટૂલબાર* દર્શાવે છે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





**આકૃતિ 10.9 ડ્રૉઇંગ ટૂલબાર**

ચાલો આપણે ડ્રૉઇંગ ટૂલ્સને એક પછી એક વિગતવાર સમજીએ :

- **Select :** આ ટૂલ દ્વારા સ્લાઇડ પર એક અથવા વધુ ઑબ્જેક્ટ્સને પસંદ કરી શકાય છે. જ્યારે કોઈ ઑબ્જેક્ટ પસંદ કરવામાં આવે છે, ત્યારે તેની કિનારી પર આજુબાજુમાં સિલેકશન હેન્ડલ્સ (સામાન્ય રીતે નાના ભૂરા ચોરસ) દેખાશે. આ હેન્ડલ્સ સૂચવે છે કે ઑબ્જેક્ટ સક્રિય છે અને તેમાં ફેરફાર કરવા માટે ઈમ્પ્રેસ તૈયાર છે. આપણે ઑબ્જેક્ટનું કદ બદલવા માટે પસંદગી હેન્ડલ્સને ડ્રેગ કરી શકીએ છીએ. ઑબ્જેક્ટને ખસેડવા માટે, માઉસ પોઇન્ટરને તેના પર રાખી ડ્રેગ કરવામાં આવે છે.
- **Line :** *લાઈન* ટૂલ એક સીધી રેખા દોરે છે. આપણે શરૂઆતના બિંદુથી અંતિમ બિંદુ સુધી ડ્રેગ કરીને રેખા દોરી શકીએ છીએ. સંપૂર્ણ આડી (horizontal), ઊભી (vertical), અથવા 45-ડિગ્રીના ખૂણાવાળી રેખાઓ દોરવા માટે Shift કી દબાવી રાખી શકાય છે.
- **Arrow :** આ ટૂલ એક છેડે તીરનું નિશાન ધરાવતી રેખા દોરે છે. સામાન્ય રીતે કોઈ વસ્તુ તરફ ઈશારો કરવા અથવા પ્રવાહ સમજાવવા માટે તીરવાળી રેખાઓનો ઉપયોગ કરવામાં આવે છે.
- **Rectangle :** લંબચોરસ ટૂલ લંબચોરસ અને ચોરસ બંને દોરવાની સુવિધા આપે છે. લંબચોરસ બનાવવા માટે ક્લિક કરી ડ્રેગ કરવામાં આવે છે. ચોરસ દોરવા માટે ડ્રેગ કરતી વખતે Shift કી દબાવી રાખી શકાય છે.
- **Ellipse :** આ ટૂલ આપણને અંડાકાર (ellipse) અને વર્તુળો (circles) બંને દોરવાની સુવિધા આપે છે. અંડાકાર બનાવવા માટે ક્લિક કરી ડ્રેગ કરવામાં આવે છે. જો આપણે સંપૂર્ણ વર્તુળ દોરવું હોય, તો ડ્રેગ કરતી વખતે Shift કી દબાવી રાખી શકાય છે.
- **Text :** આ ટૂલ લખાણ ટાઈપ કરવા અને ફોર્મેટ કરવા માટે એક લંબચોરસ વિસ્તાર બનાવે છે. ટેક્સ્ટ બૉક્સનું કદ સેટ કરવા માટે ક્લિક કરી ડ્રેગ કરવામાં આવે છે. પછી તેમાં ટાઈપ કરવાનું શરૂ કરી શકાય છે.
- **Curve :** આ ટૂલ આપણને ફ્રીહેન્ડ વળાંકો દોરવાની સુવિધા આપે છે. આ માટે ક્લિક કરી ડ્રેગ કરવામાં આવે ત્યારે વળાંક આપણા માઉસની ગતિને અનુસરશે, અને એક સતત રેખા બનાવશે. જુઓ આકૃતિ 10.10 (a)
- **Connectors :** આ ટૂલ્સ ફ્લોચાર્ટ અને ઓર્ગેનાઈઝેશન ચાર્ટ્સ જેવા ડાયાગ્રામ બનાવવા માટે આવશ્યક છે. તેઓ આપમેળે ઑબ્જેક્ટ્સ સાથે જોડાઈ જાય છે અને જ્યારે ઑબ્જેક્ટ્સ ખસેડવામાં આવે છે ત્યારે તે પ્રમાણે ગોઠવાય છે. (જુઓ આકૃતિ 10.10 (b))
- **Basic Shapes :** આ સબ-મેનૂમાં સામાન્ય રીતે વિવિધ સામાન્ય આકારોનો સમાવેશ થાય છે જેમ કે, *ત્રિકોણ (Triangle), ટ્રેપેઝોઈડ (Trapezoid), સમાંતર ચતુષ્કોણ (Parallelogram), પંચકોણ (Pentagon), ષટ્કોણ (Hexagon), અષ્ટકોણ (Octagon), ક્રોસ (Cross), હૃદય (Heart), સૂર્ય (Sun), ચંદ્ર (Moon)* વગેરે. (જુઓ આકૃતિ 10.10 (c))


(a)


(b)


(c)

**આકૃતિ 10.10 : Curve, Connector અને Basic Shapesના સબમેનુ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **Symbol Shapes :** અહીં વધુ વિશિષ્ટ પ્રતીકોનો સંગ્રહ આપવામાં છે, જેમાં *સ્માઈલી ફેસ (Smiley Face)*, *નો એન્ટ્રી સાઈન (No Entry Sign)*, *વાદળ (Cloud)*, *લાઈટનિંગ બોલ્ટ (Lightning Bolt)* વગેરેનો સમાવેશ થાય છે. (જુઓ આકૃતિ 10.11 (a))
- **Block Arrows :** આ સબ-મેનૂમાં ભરેલા વિસ્તાર (filled areas) સાથેના પૂર્વનિર્ધારિત તીર આકારો આપવામાં આવ્યા છે. જેમ કે, *જમણી તરફનું તીર (Right Arrow)*, *ડાબી તરફનું તીર (Left Arrow)*, *ઉપર તરફનું તીર (Up Arrow)*, *નીચે તરફનું તીર (Down Arrow)*, *ચાર-પાંખિયું તીર (Four-pointed Arrow)*, *યુ-ટર્ન તીર (U-turn Arrow)* વગેરે. (જુઓ આકૃતિ 10.11 (b))
- **Flowcharts :** આ મેનૂ સામાન્ય ફ્લોચાર્ટ આકારો પ્રદાન કરે છે. તેમાં પ્રક્રિયા *(Process - લંબચોરસ)*, *નિર્ણય (Decision - હીરા આકાર)*, *શરૂઆત/અંત (Start/End - ગોળાકાર લંબચોરસ/અંડાકાર)*, *ડેટા (Data - સમાંતર ચતુષ્કોણ)*, અને *કનેક્ટર (Connector - વર્તુળ)* નો સમાવેશ થાય છે. (જુઓ આકૃતિ 10.11 (c))



(a) (b) (c)

**આકૃતિ 10.11 : Symbol Shapes, Block Arrows અને Flowchartsના સબમેનુ**

- **Callouts :** કોલઆઉટ્સ વાણી અને વિચારના પરપોટા (speech and thought bubbles) સ્વરૂપે રજૂ કરવામાં આવતા આકાર છે. આ સબમેનૂમાં લંબચોરસ *કોલઆઉટ (Rectangular Callout)*, *ગોળાકાર ખૂણા ધરાવતા લંબચોરસ કોલઆઉટ (Rounded Rectangular Callout)*, *ગોળ કોલઆઉટ (Round Callout)*, *વાદળ કોલઆઉટ (Cloud Callout)*, *અને લાઈન કોલઆઉટ (Line Callout)* જેવા વિકલ્પોનો સમાવેશ થાય છે. તેઓ સ્લાઈડમાં ટિપ્પણી અથવા સંવાદ ઉમેરવા માટે ઉત્તમ છે. (જુઓ આકૃતિ 10.12 (a))
- **Stars :** આ મેનૂ વિવિધ તારા અને બેનરના આકારો પ્રદાન કરે છે, જેમાં *4-point Star, 5-point Star, વિસ્ફોટ થતો તારો (Exploding Star)*, *રિબન બેનર (Ribbon Banner)*, અને *સ્ક્રોલ (Scroll)*નો સમાવેશ થાય છે. સુશોભન શૈલી ઉમેરવા અથવા માહિતીને હાઈલાઈટ કરવા માટે આ શ્રેષ્ઠ છે. (જુઓ આકૃતિ 10.12 (b))




(a) (b)

**આકૃતિ 10.12 : Callout અને Starsના સબમેનુ**

- **Points :** આ ટૂલ એક સબમેનૂ ખોલે છે જે હાલની રેખા અથવા આકાર પર બિંદુઓ ઉમેરવા અથવા દૂર કરવાની પરવાનગી આપે છે. ત્યારબાદ આપણે રેખા અથવા આકારમાં ફેરફાર કરવા માટે આ બિંદુઓને ડ્રેગ કરી શકીએ છીએ.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **Glue Points :** આપણા ઑબ્જેક્ટ્સ પર ગ્લૂ પોઇન્ટ્સ વ્યાખ્યાયિત કરી શકીએ છીએ. આ પોઇન્ટ્સ કનેક્ટર્સને ચોક્કસપણે જોડાવાની મંજૂરી આપે છે, જે સુસંગત ડાયાગ્રામિંગ સુનિશ્ચિત કરે છે.
- **Fontwork Gallery :** *ફોન્ટવર્ક ગેલેરી* આપણને કલાત્મક ટેક્સ્ટ અસરો બનાવવાની સુવિધા આપે છે. આ માટે આઇકન પર ક્લિક કરો, ગેલેરીમાંથી એક સ્ટાઇલ પસંદ કરો, અને પછી તેના પર ડબલ-ક્લિક કરીને ટેક્સ્ટને બદલો. આકૃતિ 10.13 *ફોન્ટવર્ક ગેલેરી* દર્શાવે છે.




**આકૃતિ 10.13 : ફોન્ટવર્ક ગેલેરી**

- **From File :** આ ટૂલ પર ક્લિક કરવાથી Picture dialog box ખૂલે છે, જ્યાં આપણે સ્લાઇડમાં દાખલ કરવા માટે ઇમેજ પસંદ કરી શકીએ છીએ. સ્લાઇડમાં ઇમેજ કેવી રીતે દાખલ કરવી તે વિશે આપણે અગાઉના પ્રકરણમાં પહેલેથી જ ચર્ચા કરી છે.
- **Gallery :** *ગેલેરી* એ થીમ્સ (themes)માં ગોઠવાયેલા, પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવા મીડિયા ઑબ્જેક્ટ્સનો સંગ્રહ છે. આ ઑબ્જેક્ટ્સમાં બેકગ્રાઉન્ડ્સ, બુલેટ્સ, સાઉન્ડ વગેરેનો સમાવેશ થાય છે. આકૃતિ 10.14 *ગેલેરી*માં ઉપલબ્ધ વિકલ્પો દર્શાવે છે.




**આકૃતિ 10.14 : ગેલેરી**




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **Extrusion On/Off :** આ ટૂલ આપણને એક સપાટ, દ્વિપરિમાણીય ડ્રૉઇંગ ઑબ્જેક્ટને ઊંડાઈ (depth) આપીને ઝડપથી ત્રિપરીમાણીય ઑબ્જેક્ટમાં રૂપાંતરિત કરવાની સુવિધા આપે છે. આ પ્રક્રિયાને 'એક્સ્ટ્રુઝન' કહેવામાં આવે છે. આ ટૂલ પર ક્લિક કરવાથી ટૂલ્સનું એક જૂથ ખૂલે છે જે આપણને પસંદ કરેલ ઑબ્જેક્ટમાંથી એક્સ્ટ્રુઝન ઉમેરવા અથવા દૂર કરવાની સુવિધા આપે છે.

## પેજ સેટિંગ (Page Setting)

લિબ્રેઑફિસ ઇમ્પ્રેસમાં, *પેજ સેટઅપ (Page Setup)* વિકલ્પ આપણી સ્લાઇડની મૂળભૂત લાક્ષણિકતાઓ પર નિયંત્રણની સુવિધા આપે છે. આ સેટિંગ્સ નક્કી કરે છે કે પ્રેઝન્ટેશન સ્ક્રીન પર અને પ્રિન્ટ કરતી વખતે કેવું દેખાશે. તે સમગ્ર પ્રેઝન્ટેશનના એકંદર દેખાવ અને અનુભૂતિને વ્યાખ્યાયિત કરવા માટે આવશ્યક છે.

*ફોર્મેટ (Format)* મેનુમાં *પેજ (Page)* વિકલ્પ પર ક્લિક કરીને *પેજ સેટઅપ* ડાયલોગ બોક્સ ખોલી શકાય છે. આમ કરવાથી આકૃતિ 10.15માં બતાવ્યા પ્રમાણે એક ડાયલોગ બૉક્સ ખૂલશે, જેમાં બે ટૅબ્સ હશે, અને દરેક આપણી સ્લાઇડનાં વિવિધ પાસાંઓને નિયંત્રિત કરશે.




**આકૃતિ 10.15 : Page Setup ડાયલોગ બૉક્સ**

બન્ને ટૅબ્સમાં આપવામાં આવેલ વિકલ્પો સમજીએ.


## પેજ ટૅબ (Page Tab)

આકૃતિ 10.16માં દર્શાવ્યા મુજબ આ ટૅબ સ્લાઇડનાં પરિમાણો (dimensions), ઓરિએન્ટેશન (orientation), અને માર્જિન (margins) ને કસ્ટમાઇઝ કરવાના વિકલ્પો પૂરા પાડે છે.

- **Format :** અહીં, આપણે સ્લાઇડનાં પરિમાણો વ્યાખ્યાયિત કરી શકીએ છીએ. આપણી પાસે પ્રમાણભૂત કાગળના કદ (જેમ કે A4)માંથી પસંદ કરવાની અથવા પાનાં માટે અનુકૂળ હોય તેવી પહોળાઈ અને ઊંચાઈ દાખલ કરવાની સુગમતા છે. આ સુનિશ્ચિત કરે છે કે આપણી સ્લાઇડ વિવિધ સ્ક્રીન પર યોગ્ય દેખાય અને વિવિધ કાગળના કદ પર ચોક્કસ રીતે પ્રિન્ટ થાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





**આકૃતિ 10.16 : સ્લાઈડનું કદ પસંદ કરવું**

**Orientation :** આપણે પોર્ટ્રેટ (Portrait - પહોળાઈ કરતાં વધુ ઊંચું) અથવા લેન્ડસ્કેપ (Landscape - ઊંચાઈ કરતાં વધુ પહોળું) ઓરિએન્ટેશન પસંદ કરી શકીએ છીએ. લેન્ડસ્કેપ એ પ્રેઝન્ટેશન માટે પૂર્વનિર્ધારિત અને સૌથી સામાન્ય પસંદગી છે, જોકે અમુક ચોક્કસ ડિઝાઇનની જરૂરિયાતો માટે પોર્ટ્રેટ વધુ સારું હોઈ શકે છે.

**Margins :** સ્લાઈડના ઉપર, નીચે, ડાબે અને જમણેના હાંસિયા પણ સેટ કરી શકીએ છીએ. આ માર્જિન પ્રિન્ટ કરી શકાય તેવો વિસ્તાર બનાવે છે, જે સુનિશ્ચિત કરે છે કે આપણી માહિતી કાગળની કિનારીઓ પર કપાઈ ન જાય.

## બેકગ્રાઉન્ડ ટેબ (Background Tab)




**આકૃતિ 10.17 : Page setup ડાયલોગ બૉક્સમાં Background ટેબ**


અહીં, આપણે સ્લાઈડના બેકગ્રાઉન્ડને કસ્ટમાઈઝ કરી શકીએ છીએ. આ માટે આકૃતિ 10.17માં દર્શાવ્યા પ્રમાણે ઘણા વિકલ્પો છે :

- **None :** આ વિકલ્પ સ્લાઈડનું બેકગ્રાઉન્ડ સંપૂર્ણપણે દૂર કરે છે. (જુઓ આકૃતિ 10.17)
- **Color :** સ્લાઈડના બેકગ્રાઉન્ડ માટે એક નિશ્ચિત રંગ (solid colour) પસંદ કરી શકીએ છીએ. (જુઓ આકૃતિ 10.18 (a))



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


- **Gradient :** બે અથવા વધુ રંગોનો ઢાળ (gradient) લાગુ કરવા માટે આપણે આ વિકલ્પનો ઉપયોગ કરી શકીએ છીએ. (જુઓ આકૃતિ 10.18 (b))




(a) (b)

**આકૃતિ 10.18 : બેકગ્રાઉન્ડ માટેના Colour અને Gradient વિકલ્પો**

- **Hatching :** આ વિકલ્પ રેખાઓ (હેચિંગ) સાથેનું પેટર્નવાળું બેકગ્રાઉન્ડ પૂરું પાડે છે, અને હેચિંગ માટે બેકગ્રાઉન્ડ રંગ પણ સેટ કરી શકાય છે. (જુઓ આકૃતિ 10.19 (a))
- **Bitmap :** આનાથી આપણી સ્લાઈડના બેકગ્રાઉન્ડ તરીકે ઈમેજનો ઉપયોગ કરી શકાય છે. (જુઓ આકૃતિ 10.19 (b))




(a) (b)

**આકૃતિ 10.19 : બેકગ્રાઉન્ડ માટેના Hatching અને Bitmap વિકલ્પો**

## કસ્ટમ શો (Custom Show)

ઈમ્પ્રેસમાં *કસ્ટમ શો* વિકલ્પ આપણને સંપૂર્ણપણે નવી ફાઈલો બનાવ્યા વિના, જુદા જુદા પ્રેક્ષકો અથવા પરિસ્થિતિઓ માટે આપણા પ્રેઝન્ટેશનને અનુકૂળ બનાવવાની મંજૂરી આપે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


અમુક સમયે, આપણે પ્રેઝન્ટેશનની દરેક સ્લાઈડ બતાવવાની જરૂર હોતી નથી. આપણી આખી ફાઈલની નકલ કરવા અને કેટલીક સ્લાઈડ કાઢી નાખવાને બદલે, આપણે કસ્ટમ શોનો ઉપયોગ કરી શકીએ છીએ. કસ્ટમ શોને એક જ પ્રેઝન્ટેશન ફાઈલની અંદર ચોક્કસ ક્રમમાં ગોઠવાયેલ આપણી મૂળ સ્લાઈડની પૂર્વ-નિર્ધારિત પસંદગી તરીકે વિચારી શકાય.




**આકૃતિ 10.20 : Custom Slide Shows ડાયલોગ બૉક્સ**

કસ્ટમ સ્લાઈડ શો બનાવવા માટે *Slideshow* મેનૂ પર ક્લિક કરો, અને *Custom Show* વિકલ્પ પસંદ કરો. આમ કરવાથી આકૃતિ 10.20માં બતાવ્યા પ્રમાણે *Custom Slide Show* ડાયલોગ બૉક્સ ખૂલશે.

નવો કસ્ટમ સ્લાઈડ શો બનાવવા માટે, New બટન પર ક્લિક કરો. આમ કરવાથી આકૃતિ 10.21માં દર્શાવ્યા પ્રમાણે Define Custom Slide Show ડાયલોગ બૉક્સ ખૂલશે. અહીં કસ્ટમ શોને નામ આપી શકાય છે.




**આકૃતિ 10.21 : કસ્ટમ સ્લાઈડ શો વ્યાખ્યાયિત કરવો**

*Existing slides* વિભાગમાં પ્રેઝન્ટેશનની તમામ સ્લાઈડની સૂચિ જોવા મળશે. આ સૂચિમાંથી સ્લાઈડને Selected slides સૂચિમાં ઉમેરવા માટે >> બટનનો ઉપયોગ કરો. જો વિચાર બદલાય તો << બટન પસંદ કરેલી સ્લાઈડને કસ્ટમ સ્લાઈડ શોમાંથી દૂર કરશે. એકવાર કસ્ટમ શોની સ્લાઈડ પસંદગી થઈ જાય ત્યારે *OK* પર ક્લિક કરો.

*Custom Slide Shows* ડાયલોગ બૉક્સમાં આપણે હાલના કસ્ટમ શોમાં ફેરફાર કરવા માટે *Edit* બટન પર ક્લિક કરી શકીએ છીએ, અથવા તેને સંપૂર્ણપણે દૂર કરવા માટે *Delete* બટનનો ઉપયોગ કરી શકીએ છીએ. કસ્ટમ સ્લાઈડ શોને શરૂ કરવા માટે, સ્ટાર્ટ બટન પર ક્લિક કરો.

## રિહર્સ ટાઈમિંગ્સ

ઈમ્પ્રેસમાં રિહર્સ ટાઈમિંગ્સ વિકલ્પ એક ઉત્તમ સુવિધા છે જે આપણને પ્રેઝન્ટેશનની રજૂઆતનો સમય નક્કી કરવામાં મદદ કરે છે. તે વાસ્તવિક પ્રેઝન્ટેશનની જેમ જ સ્લાઈડ શો શરૂ કરે છે અને ત્યારે ઈમ્પ્રેસ આપમેળે દરેક સ્લાઈડ પર આપણે કેટલો સમય વિતાવીએ છીએ તે રેકોર્ડ કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


*Slide Show* મેનૂ પર જાઓ અને *Rehearse Timings* પસંદ કરો. પ્રેઝન્ટેશન ફુલ-સ્ક્રીન મોડમાં શરૂ થશે, અને એક ટાઈમર દેખાશે. પ્રેઝન્ટેશન દરમિયાન સામાન્ય રીતે જ સ્લાઈડમાં આગળ વધો. ઈમ્પ્રેસ આપમેળે એ સમય રેકોર્ડ કરશે જે આપણે દરેક સ્લાઈડ પર વિતાવીએ છીએ. એકવાર અંત સુધી પહોંચી જઈએ ત્યારે એક મેસેજ દર્શાવવામાં આવશે જેમાં પૂછવામાં આવશે કે શું તમે નવી સ્લાઈડ ટાઈમિંગ્સ સાચવવા માંગો છો? *Yes* પર ક્લિક કરો. હવે, જ્યારે સ્લાઈડશો ચલાવવામાં આવશે, ત્યારે સ્લાઈડ રેકોર્ડ કરેલા ટાઈમિંગ્સના આધારે આપમેળે આગળ વધશે.

## પ્રેઝન્ટેશનને લિન્ક કરવું

જો આપણી પાસે એક જ વિષય પર બહુવિધ પ્રેઝન્ટેશન હોય, તો આપણે તેમને જોડવા માટે ઈમ્પ્રેસમાં હાઈપરલિંક (Hyperlink) સુવિધાનો ઉપયોગ કરી શકીએ છીએ. આ સુવિધા આપણને પ્રેઝન્ટેશનની સાથે અન્ય પ્રકારની ફાઈલો, વેબસાઈટ્સ અથવા ઈમેઈલ એડ્રેસ જોડાવાની પણ સુવિધા આપે છે.

નીચે જણાવ્યા મુજબ હાઈપરલિંકની રચના કરી શકાય છે :

1. પ્રેઝન્ટેશન ખોલો અને જે લખાણ અથવા ઑબ્જેક્ટને આપણે લિંકમાં ફેરવવા માંગીએ છીએ તેને પસંદ કરો.
2. Insert મેનૂમાં આવેલ Hyperlink વિકલ્પ પસંદ કરો. આકૃતિ 10.22માં બતાવ્યા પ્રમાણે એક ડાયલોગ બૉક્સ ખૂલશે.




**આકૃતિ 10.22 : હાઈપરલિંક**

3. આ બૉક્સમાં જે ઓબ્જેક્ટ સાથે લિંક આપવાની છે તે પસંદ કરી શકીએ છીએ :
   - **ઈન્ટરનેટ (Internet) :** કોઈ વેબસાઈટ સાથે લિંક કરવા.
   - **મેઈલ (Mail) :** કોઈ ઈમેઈલ એડ્રેસ સાથે લિંક કરવા.
   - **ડૉક્યુમેન્ટ (Document) :** કમ્પ્યૂટર પરની કોઈ ફાઈલ સાથે લિંક કરવા, જેમ કે બીજું પ્રેઝન્ટેશન
   - **ન્યૂ ડૉક્યુમેન્ટ (New Document) :** એક નવા ડૉક્યુમેન્ટ માટે લિંક બનાવવા.
4. ડૉક્યુમેન્ટ પસંદ કરી લીધા પછી લિંક બનાવવા માટે Apply પર ક્લિક કરો.

આનાથી સંબંધિત પ્રેઝન્ટેશન અને અન્ય સંસાધનો વચ્ચે નેવિગેટ કરવું સરળ બની જાય છે.

## પ્રેઝન્ટેશન એક્સપોર્ટ કરવું

કેટલીકવાર આપણે પ્રેઝન્ટેશનને અલગ-અલગ ફોર્મેટ્સમાં ઈચ્છીએ છીએ. પ્રેઝન્ટેશનને જુદા ફોર્મેટમાં સેવ કરવા માટે **File** > **Export** કમાન્ડનો ઉપયોગ કરી શકાય છે. આમ કરવાથી સ્લાઈડને PDF, JPEG અથવા GIF જેવા વિવિધ ફાઈલ પ્રકારોમાં રૂપાંતરિત કરી શકાય છે.

પ્રેઝન્ટેશન એક્સપોર્ટ કરવા માટેનાં પગલાં :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. જે પ્રેઝન્ટેશનને Export કરવા માગીએ છીએ તેને ખોલો.
2. File મેનૂમાં આવેલ Export વિકલ્પ પસંદ કરો. આકૃતિ 10.23માં દર્શાવ્યા પ્રમાણે *Export* ડાયલોગ બૉક્સ ખૂલશે.




3. Export ડાયલોગ બૉક્સમાં, *'Save as type'* ડ્રોપડાઉન મેનૂ ખોલો.
4. મેનૂમાંથી જે ફોર્મેટ જોઈએ છે તે પસંદ કરો. અહીં *PDF, HTML, BMP, GIF,* અને *JPEG* સહિતના વિકલ્પોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે.
3. *Save* પર ક્લિક કરો. પસંદ કરેલા ફોર્મેટમાં પ્રેઝન્ટેશન એક્સપોર્ટ થઈ જશે.


## પ્રેઝન્ટેશનની રચના કરવા માટે ટેમ્પ્લેટ પસંદ કરવું

પહેલેથી બનાવવામાં આવેલા ટેમ્પ્લેટનો ઉપયોગ કરવો એ નવું પ્રેઝન્ટેશન શરૂ કરવાની એક ઉત્તમ રીત છે. ટેમ્પ્લેટ એક તૈયાર માળખું અને ડિઝાઈન પૂરી પાડે છે, જેનાથી સમય અને મહેનતનો બચાવ થાય છે.

ટેમ્પ્લેટનો ઉપયોગ કરીને નવું પ્રેઝન્ટેશન બનાવવાની રીત નીચે મુજબ છે :

1. *File* મેનૂ ખોલો અને *New* સબમેનૂ પર જાઓ.
2. *Template* વિકલ્પ પસંદ કરો. આનાથી આકૃતિ 10.24માં દર્શાવ્યા પ્રમાણે *Template Manager* ડાયલોગ બૉક્સ ખૂલશે.
3. જે ટેમ્પ્લેટનો ઉપયોગ કરવા માગીએ છીએ તેને પસંદ કરો અને *Open* બટન પર ક્લિક કરો.

પસંદ કરેલા ટેમ્પ્લેટની ડિઝાઈન અને માળખા સાથે નવું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે.




**આકૃતિ 10.24 : ટેમ્પ્લેટ પસંદ કરવું**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### સારું પ્રેઝન્ટેશન બનાવવા માટેનું માર્ગદર્શન

ઉત્તમ પ્રેઝન્ટેશન બનાવવું પડકારજનક હોઈ શકે છે, પરંતુ યોગ્ય તૈયારી સાથે, આપણે સ્પષ્ટ, આકર્ષક અને અસરકારક સંદેશો આપી શકીએ છીએ.

- **શ્રોતાઓને જાણો :** સ્લાઈડ બનાવતા પહેલા તમે કોની સાથે સંચારણ કરી રહ્યા છો તે સમજો. તમારા સંદેશા, ઉદાહરણો અને માહિતીની ઊંડાઈને તેમની જરૂરિયાતો અનુસાર પસંદ કરો.
- **સ્પષ્ટ વૃત્તાંત બનાવવા :** શ્રોતાઓને માર્ગદર્શન આપવા માટે પ્રેઝન્ટેશનની સ્પષ્ટ શરૂઆત, મધ્ય ભાગ અને અંત રાખો.
- **પ્રેઝન્ટેશન સરળ રાખો :** થોડા મુખ્ય સંદેશાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરો. એક જ પ્રેઝન્ટેશનમાં વધુ પડતી માહિતી ભરવાનો પ્રયાસ ન કરો, કારણ કે તે શ્રોતાઓને મૂંઝવણમાં મૂકી શકે છે.
- **ન્યૂનતમ લખાણ :** બુલેટ પોઈન્ટનો ઉપયોગ ઓછો કરો અને તેમને ટૂંકા રાખો. સ્લાઈડ સંદેશાને સમર્થન આપવી જોઈએ, તેના બદલે તેનો વિકલ્પ ન બનવી જોઈએ.
- **ઉચ્ચ-ગુણવત્તાવાળા વિઝ્યુઅલ્સનો ઉપયોગ કરો :** વ્યવસાયિક, ઉચ્ચ-રીઝોલ્યુશનવાળી ઈમેજ, ચાર્ટ્સ અને ગ્રાફ્સનો સમાવેશ કરો. વિઝ્યુઅલ્સ ઘણીવાર ટેક્સ્ટ કરતાં વધુ શક્તિશાળી હોય છે.
- **ડિઝાઈનની સાત્યતતા જાળવો :** પોલિશ્ડ અને વ્યાવસાયિક દેખાવ માટે સમગ્ર પ્રેઝન્ટેશનમાં એક સુસંગત કલર સ્કીમ, ફોન્ટ અને લેઆઉટનો ઉપયોગ કરો.
- **વાંચી શકાય એવો ફોન્ટ પસંદ કરો :** સરળ અને ચોખ્ખા ફોન્ટ પસંદ કરો અને ખાતરી કરો કે તે દૂરથી પણ સરળતાથી વાંચી શકાય તેટલો મોટા કદના છે.

આ મુખ્ય ક્ષેત્રો - કન્ટેન્ટ અને ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરીને, એક યાદગાર અને અસરકારક પ્રેઝન્ટેશન તૈયાર કરી શકાશે.

### સારાંશ

આપણે સ્લાઈડ શોને વધુ ગતિશીલ (dynamic) બનાવવા માટે કેટલીક અદ્યતન લિબ્રેઑફિસ ઈમ્પ્રેસ સુવિધાઓનો અભ્યાસ કર્યો. સ્લાઈડ રજૂ કરવામાં આવે ત્યારે અમલમાં મુકવામાં આવતા એનિમેશન માટે ટ્રાન્ઝિશન ઈફેક્ટ્સ અને સ્લાઈડ પરના ઘટકોને જીવંત બનાવવા માટે કસ્ટમ એનિમેશન ઈફેક્ટ્સ લાગુ કરતા શીખ્યા. બધી સ્લાઈડ પર સુસંગત માહિતી ઉમેરવા માટે સ્લાઈડ માસ્ટરનો ઉપયોગ કર્યો અને વ્યક્તિગત ઘટકો સાથે આપણું પોતાનું કસ્ટમ સ્લાઈડ માસ્ટર પણ બનાવ્યું. આપણે ડ્રૉઈંગ ટૂલબારનાં વિવિધ સાધનોનો ઉપયોગ કરીને ચિત્રો દોરતાં શીખ્યા, તથા સ્લાઈડ સેટિંગ્સના દેખાવને કસ્ટમાઇઝ કરવા માટે પેજ સેટઅપનો ઉપયોગ પણ કર્યો. પ્રેઝન્ટેશન્સની અમુક સ્લાઈડની પસંદગીનો ઉપયોગ કરીને કસ્ટમ સ્લાઈડ શોની સફળતાપૂર્વક રચના કરતાં આપણે શીખ્યાં. રિહર્સ ટાઈમિંગ્સ સુવિધાનો ઉપયોગ કરીને દરેક સ્લાઈડ માટે ચોક્કસ સમય સેટ કરવાનું, પ્રેઝન્ટેશનને કેવી રીતે લિંક કરવું અને પ્રેઝન્ટેશનને કેવી રીતે વિવિધ પ્રકારના ફોર્મેટમાં એક્સપોર્ટ કરી શકાય તે પણ આ પ્રકરણમાં આપણે શીખ્યા.

### સ્વાધ્યાય

1. ઈમ્પ્રેસમાં પહેલા સેવ કરેલું પ્રેઝન્ટેશન કેવી રીતે ખોલી શકાય?
2. પ્રેઝન્ટેશનમાં સ્લાઈડ ટ્રાન્ઝિશન ઉમેરવા માટેની રીત જણાવો.
3. સ્લાઈડમાં આવેલ ઘટકને કસ્ટમ એનિમેશન આપવા માટેના પગલા લખો.
4. *'Custom Animation'* ડાયલોગ બૉક્સમાં કયા વિભાગ આપવામાં આવ્યા છે?
5. પ્રેઝન્ટેશનની દરેક સ્લાઈડ પર પાનાં નંબર કેવી રીતે ઉમેરી શકાય?
6. કસ્ટમ સ્લાઈડ માસ્ટરના લાભ જણાવો.
7. ઈમ્પ્રેસના *'Drawing'* ટૂલબારમાં આવેલ ટૂલ્સની યાદી બનાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8. *'Page Setup'*ના *'Page'* અને *'Background'* વિભાગો દ્વારા શેની ગોઠવણ કરી શકાય છે?

9. પ્રેઝન્ટેશનમાં કસ્ટમ શોની સમજૂતી આપો.

10. આખા પ્રેઝન્ટેશન માટે આપોઆપ સ્લાઈડ ટાઈમિંગ સેટ કરવા માટેની રીત જણાવો.

11. **સાચું કે ખોટું જણાવો.**

(1) ઈમ્પ્રેસમાં નવો સ્લાઈડ માસ્ટર બનાવી શકાતો નથી.

(2) 'Rehearse Timings' વિકલ્પ 'Tasks Pane'માં આપવામાં આવ્યો છે.

(3) સ્લાઈડ ટ્રાન્ઝિશનને 'Slow', 'Medium', કે 'Fast' ઝડપ સાથે ગોઠવી શકાય છે.

(4) 'Custom Animation' માં આવેલ 'Add' બટન દ્વારા પસંદ કરેલ ઘટકને એનિમેશન અસર આપવામાં આવે છે.

(5) 'Header and Footer' ડાયલોગ બૉક્સમાં Date and Time વિકલ્પ આપવામાં આવ્યો છે.

12. **ખાલી જગ્યા પૂરો.**

(1) ____________ ની મદદથી કલાત્મક લખાણ ઉમેરી શકાય છે.

(2) ____________ આપણા પ્રેઝન્ટેશન માટે એક ટેમ્પ્લેટ પૂરું પાડે છે.

(3) પ્રેઝન્ટેશનમાં એક સ્લાઈડ પછી બીજી સ્લાઈડ રજૂ કરવામાં આવે ત્યારે ____________ દૃશ્ય અસર દર્શાવવામાં આવે છે.

(4) ____________ સુવિધાની મદદથી સ્લાઈડમાં આવેલ કોઈપણ ઘટકને એનિમેશન અસર આપી શકાય છે.

(5) પ્રેઝન્ટેશનમાં દરેક સ્લાઈડનો સમય નક્કી કરવા માટે __________ નો ઉપયોગ કરવામાં આવે છે.

13. **બહુવિકલ્પી પ્રશ્નો. સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) ઈમ્પ્રેસમાં સેવ કરેલ પ્રેઝન્ટેશન ખોલવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે?

(a) Ctrl + P (b) Ctrl + S (c) Ctrl + X (d) Ctrl + O

(2) સ્લાઈડના ઘટકોને એનિમેશન અસર આપવા માટે 'Tasks Panes'ના કયા વિભાગનો ઉપયોગ કરવામાં આવે છે?

(a) સ્લાઈડ ટ્રાન્ઝિશન (b) માસ્ટર સ્લાઈડ (c) ટેબલ ડિઝાઈન (d) કસ્ટમ એનિમેશન

(3) કયા મેનુમાં *'Master > Slide Master'* વિકલ્પ આપવામાં આવ્યો છે?

(a) Slide Master menu (b) View menu

(c) Slide menu (d) Slideshow menu

(4) *'Drawing'* ટૂલબારના કયા ટૂલ દ્વારા વર્તુળ આકાર દોરી શકાય છે?

(a) Circle (b) Ellipse (c) Rectangle (d) Arrow

(5) કલાત્મક લખાણ ઉમેરવા માટે કયા ટૂલનો ઉપયોગ કરવામાં આવે છે?

(a) Slide Transition (b) Custom Animation

(c) Slide Master (d) Fontwork Gallery

(6) સ્લાઈડના હાંસિયા નક્કી કરવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે?

(a) Print Setup (b) Slide Setup (c) Show Setup (d) Page Setup

(7) 'Background' ટેબના કયા વિકલ્પ દ્વારા સ્લાઈડના બેક ગ્રાઉન્ડમાં ઈમેજ મૂકી શકાય છે?

(a) Hatching (b) Color (c) Bitmap (d) Gradient

(8) પ્રેઝન્ટેશનમાં પસંદ કરેલી સ્લાઈડ દર્શાવવા માટે કઈ સુવિધાનો ઉપયોગ કરવામાં આવે છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(a) Slide Show (b) Slide Transition (c) Custom Show (d) Rehearse Timings

(9) 'Define Custom Slide Show' ડાયલોગ બૉક્સમાં કયા બટન દ્વારા પસંદ કરેલી સ્લાઇડ કસ્ટમ શોમાં ઉમેરી શકાય છે?


(a) > (b) < (c) >> (d) <<

(10) 'Rehearse Timings' વિકલ્પ કયા મેનુમાં આપવામાં આવ્યો છે?

(a) Edit (b) Slide (c) Slide Show (d) Tools

## પ્રાયોગિક સ્વાધ્યાય

1. અગાઉ બનાવેલ પ્રેઝન્ટેશનની તમામ સ્લાઇડને ટ્રાન્ઝિશન અસર આપો.
2. અગાઉ બનાવેલ પ્રેઝન્ટેશનના તમામ ઘટકોને એનિમેશન અસર આપો.
3. શાળાના પ્રેઝન્ટેશનમાંથી પસંદ કરેલી સ્લાઇડ માટે કસ્ટમ સ્લાઇડ શો બનાવો.
4. આપણા પ્રેઝન્ટેશનની દરેક સ્લાઇડ માટે યોગ્ય સમય નક્કી કરો.
5. કોઈપણ એક પ્રેઝન્ટેશનમાં તારીખ, સમય અને પાના નંબર ઉમેરો.
6. તમને ગમતા વિકલ્પો સાથેનો એક નવો સ્લાઇડ માસ્ટર બનાવો.
7. ડ્રૉઇંગ ટૂલબારના ટૂલ્સનો ઉપયોગ કરીને સ્લાઇડમાં નીચે આપેલ ચિત્ર જેવું ચિત્ર દોરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in